ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
PBKS	7	6	0	1	13	1.333
RCB	7	5	2	0	10	1.101
SRH	8	5	3	0	10	+0.815
RR	8	5	3	0	10	+0.602
GT	8	4	4	0	8	-0.475
CSK	8	3	5	0	6	-0.121
DC	7	3	4	0	6	-0.184
MI	7	2	5	0	4	0.736
LSG	7	2	5	0	4	-1.277
KKR	7	1	5	1	3	-0.879

બોલરો અને સુદર્શને ગુજરાતને CSK સામે જીત અપાવી

ગુજરાતના બોલરોએ પહેલા સીએસકેને 158 રન સુધી સિમિત રાખ્યું, સુદર્શનની માસ્ટરક્લાસ ઇનિંગથી આઠ વિકેટે હરાવ્યું

ચેન્નાઈ, તા. 26 : મોટા હિટરોનો દબદબો ધરાવતા ટી-20 ફોર્મેટમાં બોલરોનું વર્ચસ્વ હોવું એ દુર્લભ બાબત છે, પરંતુ રવિવારે ચેપૌક સ્ટેડિયમમાં આવું જ કંઈક જોવા મળ્યું હતું. ગુજરાત ટાઇટન્સે ઉછાળવાળી પિચનો ફાયદો ઉઠાવીને ચેન્નાઈ સુપર કિંગ્સને (સીએસકે) રન બનાવતા રોકીને સાત વિકેટે 158 રન સુધી સિમિત રાખ્યું હતું અને ત્યારબાદ સાઈ સુદર્શનના માસ્ટરક્લાસની મદદથી આઠ વિકેટે મેચ જીતી લીધી હતી.

જો મેચનો પ્રથમ ભાગ બોલરોના નામે રહ્યો હતો, તો રન ચેઝ સંપૂર્ણપણે ગણતરીપૂર્વકની આક્રમકતા વિશે હતો. સાઈ સુદર્શને પરિસ્થિતિ મુજબ કેવી રીતે રમવું તેનો ઉત્તમ નમૂનો રજૂ કરતા 46 બોલમાં 87 રન ફટકાર્યા હતા. આ ઇનિંગની મદદથી ટાઇટન્સે 159 રનનો ટાર્ગેટ બે વિકેટે આસાનીથી હાંસલ કરી લીધો હતો.

આ જીત સાથે ટાઇટન્સ પોઈન્ટ ટેબલમાં આઠ પોઈન્ટ સાથે સાતમા સ્થાનેથી પાંચમા સ્થાને પહોંચી ગયું છે.

સુદર્શને જોખમી પિચ પર સંયમ અને આક્રમકતાનું સચોટ મિશ્રણ બતાવ્યું હતું. તેને સુકાની શુભમન ગિલનો સાથ મળ્યો, જેણે 23 બોલમાં ઝડપી 33 રન બનાવ્યા હતા. બંને ઓપનરોએ 58 રનની ભાગીદારી કરીને પાવરપ્લેમાં જ જીતનો પાયો નાખી દીધો હતો. ગિલની વિકેટ બાદ પણ સુદર્શનની ગતિ ધીમી પડી નહોતી. તેણે સાત છગ્ગા ફટકારીને પોતાની તાકાત બતાવી હતી. જોસ બટલરે 30 બોલમાં નોટઆઉટ 39 રન બનાવીને ટેકો આપ્યો અને ટાઇટન્સે 20 બોલ બાકી રાખીને લક્ષ્ય હાંસલ કરી લીધું. અગાઉ બેટિંગ માટે આમંત્રિત કરાયેલી સીએસકેની ટીમ ક્યારેય લયમાં દેખાઈ નહોતી. જોકે, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે સિઝનની તેની પ્રથમ અડધી સદી ફટકારીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી.

ચેન્નાઇ સુપર કિંગ્સ	રન	બોલ	4	6
સેમસન કો.બટલર બો.રબાડા	11	15	2	0
ગાયકવાડ નોટઆઉટ	74	60	6	4
ઉર્વિલ કો.હોલ્ડર બો.રબાડા	4	3	1	0
સરફરાઝ કો.બટલર બો.સિરાજ	0	1	0	0
ઝેવિસ કો.ગીલ બો.સુથાર	2	9	0	0
દુબે બો.અર્શદ ખાન	22	17	3	1
કાર્તિક કો.હોલ્ડર બો.રબાડા	15	9	3	0
ઓવરટન કો.શાહરૂખ બો.રાશિદ	18	6	3	1
અકિલ નોટઆઉટ	0	0	0	0
વધારાના	12			
કુલ (20 ઓવરમાં સાત વિકેટે)	158			

વિકેટપતન : 1/21, 2/25, 3/26, 4/37, 5/96, 6/122, 7/143

બોલિંગ	O	M	R	W
મહંમદ સિરાજ	4	0	23	1
કગિસો રબાડા	4	0	25	3
માનવ સુથાર	3	0	22	1
જેસન હોલ્ડર	4	0	22	0
અર્શદ ખાન	4	0	43	2
રાશિદ ખાન	1	0	21	0

ગુજરાત ટાઇટન્સ	રન	બોલ	4	6
સુદર્શન કો.ઝેવિસ બો.અકિલ	87	46	4	7
ગીલ સ્ટ.સેમસન બો.નૂર	33	23	1	3
બટલર નોટઆઉટ	39	30	4	1
સુંદર નોટઆઉટ	1	1	0	0
વધારાના	2			
કુલ (16.4 ઓવરમાં બે વિકેટે)	162			

વિકેટપતન : 1/58, 2/155

બોલિંગ	O	M	R	W
અકિલ હુસેન	3.4	0	46	1
અંશુલ કંબોજ	3	0	16	0
જેમી ઓવરટન	2	0	28	0
ગર્જપનીત સિંહ	3	0	36	0
નૂર અહેમદ	4	0	29	1
શિવમ દુબે	1	0	7	0

મોહસિનની કાતિલ બોલિંગ વચ્ચે રિન્કુની અર્ધસદીથી KKR 155 રન સુધી પહોંચ્યું

મોહસીન ખાને પાંચ વિકેટ લેતા લથડેલા કોલકાતા નાઇટ રાઇડર્સે રિન્કુએ 83 રનની નોટઆઉટ ઇનિંગથી 156 રનનો લક્ષ્યાંક મૂક્યો

લખનૌ, તા. 26 (પીટીઆઈ) : આઈપીએલમા આજે રવિવારે ડબલ હેડરની બીજી મેચમાં મોહસીન ખાનની ધમાકેદાર બોલિંગથી પરેશાન કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ને રિંકુ સિંહે આક્રમક નોટઆઉટ અડધી સદી ફટકારીને સાત વિકેટે 155 રન સુધી પહોંચાડ્યું હતું, જેનાથી લખનઉ સુપર જાયન્ટ્સ સામે મેચ જીતવા માટે 156 રનનો લક્ષ્યાંક આવ્યો હતો.

મોહસિને તેની કારકિર્દીની શ્રેષ્ઠ બોલિંગ કરી, 23 રન આપીને પાંચ વિકેટ લીધી અને સુપર જાયન્ટ્સના ટોચના અને મધ્યમ ક્રમને તોડી પાડ્યો. સ્પિનર જ્યોર્જ લિન્ડેએ પણ 18 રન આપીને એક વિકેટ લીધી. નાઈટ રાઈડર્સ માટે, રિંકુએ તેની કારકિર્દીની શ્રેષ્ઠ ઈનિંગ્સ રમી, જેમાં તેણે 51 બોલમાં પાંચ છગ્ગા અને સાત ચોગ્ગાની મદદથી નોટઆઉટ 83 રન બનાવ્યા. તેણે કેમેરન ગ્રીન (34) સાથે પાંચમી વિકેટ માટે 42 અને સુનીલ નરીન (4 અણનમ) સાથે 30 બોલમાં આઠમી વિકેટ માટે 62 રનની ભાગીદારી પણ કરી. કેપ્ટન અજિંક્ય રહાણે (10) એકમાત્ર બેટ્સમેન હતો જેણે બે આંકડા સુધી પહોંચ્યો હતો.

કોલકાતા નાઇટ રાઇડર્સ	રન	બોલ	4	6
રહાણે કો.માર્કરમ બો.મોહસીન	10	15	0	1
સૈફર્ટ કો.ચૌધરી બો.મોહસીન	0	3	0	0
રઘુવંશી ઓબસ્ટ્રેક્ટીંગ ધ ફિલ્ડ	9	8	1	0
ગ્રીન કો.પંત બો.મોહસીન	34	21	0	3
પોયેલ કો.પંત બો.મોહસીન	1	4	0	0
રિન્કુ નોટઆઉટ	83	51	7	5
રોય કો.બદોની બો.મોહસીન	0	1	0	0
રમનદીપ કો.માર્શ બો.લિન્ડે	6	11	0	0
નરીન નોટઆઉટ	4	6	0	0
વધારાના	8			
કુલ (20 ઓવરમાં સાત વિકેટે)	155			

વિકેટપતન : 1/3, 2/16, 3/27, 4/31, 5/73, 6/73, 7/93

બોલિંગ	O	M	R	W
મહંમદ શમી	4	0	34	0
મોહસીન ખાન	4	1	23	5
પ્રિન્સ યાદવ	4	0	24	0
દિગ્વેશ રાઠી	4	0	46	0
જ્યોર્જ લિન્ડે	2	0	18	1
એડન માર્કરમ	2	0	9	0

હારથી ઘાયલ દિલ્હી કેપિટલ્સનો મુકાબલો આજે સંતુલિત આરસીબી સામે

દિલ્હી કેપિટલ્સના બેટ્સમેનોનું પ્રદર્શન ઉમદા રહ્યું છે પણ તેમના બોલરો અપેક્ષા પર ખરા ઉતર્યા નથી

સાંજે 7.30તી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

નવી દિલ્હી, તા. 27 : આઈપીએલમાં આવતીકાલે સોમવારે અહીં રમાનારી મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) ની સંતુલિત ટીમ સામે દિલ્હી કેપિટલ્સે પોતાના ભૂતકાળના પ્રદર્શનને ભૂલીને નવી શરૂઆત સાથે વાપસી કરવા માગશે.

પંજાબ કિંગ્સે વિક્રમી લક્ષ્યાંક ચેઝ કરીને છ વિકેટે જીત મેળવતા દિલ્હી કેપિટલ્સ મુશ્કેલીમાં મુકાયું છે. મેચમાં તેમના બોલરોની ભારે ધોલાઈ થતાં તેમણે પરાજય વેઠવાનો વારો આવ્યો હતો. દિલ્હી કેપિટલ્સ પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે અને હવે તેનો સામનો બીજી એક મજબૂત ટીમ, આરસીબી સામે થશે, જે સાત મેચમાં 10 પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. દિલ્હીએ અત્યાર સુધી બેટિંગમાં સારું પ્રદર્શન કર્યું છે પરંતુ તેના બોલરો અપેક્ષાઓ પર ખરા ઉતર્યા નથી.

કેએલ રાહુલની આગેવાની હેઠળના તેમના ટોચના ક્રમે સતત ઝડપી શરૂઆત આપી છે, જ્યારે નીતિશ રાણા અને ડેવિડ મિલરના ખેલાડીઓએ મધ્ય ઓવરોમાં ગતિ જાળવી રાખવામાં મદદ કરી છે. જોકે, તેમના બોલરો તેમના કુલ સ્કોરનો બચાવ કરી શક્યા નથી. તેમની બોલિંગ, ખાસ કરીને ડેથ ઓવરોમાં, પ્રભાવશાળી રહી નથી. તેથી, જો તેઓ તેમના અભિયાનને પાટા પર પાછું લાવવા માંગતા હોય, તો તેમના બોલરોએ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. ઝડપી બોલર આકિબ નબી, કાંડા સ્પિનર કુલદીપ યાદવ અને કેપ્ટન અક્ષર પટેલે ખાસ કરીને મહત્વપૂર્ણ ક્ષણોમાં સારું પ્રદર્શન કરવું પડશે.

ઉબેર કપ : યુક્રેન પર જીત સાથે ભારતની ક્વાર્ટર ફાઈનલની આશા ફરી જીવંત

ભારતે અનુભવી સિંધુને આરામ આપ્યા પછી ઉન્નતી, તન્વી અને દેવિકાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ત્રણ સિંગલ્સ જીતી

હોર્સેન્સ (ડેનમાર્ક), તા. 26 (પીટીઆઈ) : ભારતીય મહિલા ટીમે ઉબેર કપ બેડમિન્ટન ટુર્નામેન્ટના તેમના બીજી ગ્રુપ A મેચમાં યુરોપિયન ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડલ વિજેતા યુક્રેનને 4-1થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશની આશા જીવંત રાખી છે. ભારત પોતાની પહેલી મેચ યજમાન ડેનમાર્ક સામે 2-3થી હારી ગયું. ભારતના યુવા ખેલાડીઓએ યુક્રેન સામે સારું પ્રદર્શન કર્યું.

ઉન્નતિ હુડ્ડાએ પોલિના બુહારોવા પર 21-19, 22-20 થી રોમાંચક જીત સાથે શરૂઆત કરી, ત્યારબાદ જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપની સિલ્વર મેડલ વિજેતા તન્વી શર્માએ યેવેનિયા કાંતેમીરને 21-12, 17-21, 21-10 થી હરાવીને ભારતની લીડ બમણી કરી. ભારતે સિંગલ્સમાં ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન પીવી સિંધુને આરામ આપ્યો, જેના કારણે 2026 થાઈલેન્ડ માસ્ટર્સ ચેમ્પિયન દેવિકા સિહાગને ત્રીજા સિંગલ્સમાં તક મળી અને યુવા ખેલાડીએ શાનદાર પ્રદર્શન કરીને મારિયા સ્ટોલિયારેન્કોને 23-21, 21-13થી હરાવી.

ભારતનો એકમાત્ર પરાજય મહિલા ડબલ્સના ઓપનરમાં થયો હતો. કવિપ્રિયા સેલ્વમ અને સિમરન સિંધીનો બુહારોવા અને કાંતેમીર સામે ૧૧-૨૧, ૧૭-૨૧થી પરાજય થયો. ત્યારબાદ સિંધુ અને તનિષા ક્રાસ્ટોએ સ્ટોલિયારેન્કો અને સોફિયા લવરોવા સામે ૨૧-૧૮, ૨૧-૧૫થી વિજય મેળવ્યો. ભારત હવે સોમવારે પોતાના અંતિમ ગ્રુપ મેચમાં ચીન સામે ટકરાશે, ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવા માટે આ મેચ જીતવી જરૂરી છે.

વૈભવ સૂર્યવંશી મારો નવો પ્રિય બેટ્સમેન છે : પેટ કમિન્સ

તે ખૂબ જ પ્રભાવશાળી બેટ્સમેન છે. તેની કારકિર્દીની શરૂઆત શાનદાર રહી છે : ઓસ્ટ્રેલિયન કેપ્ટન

જયપુર, તા. 26 (પીટીઆઇ) : વૈભવ સૂર્યવંશીને તેની શાનદાર બેટિંગના કારણે એક નવો ચાહક મળ્યો છે અને તે બીજું કોઈ નહીં પણ ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ છે જે આ 15 વર્ષના ખેલાડીની બેટિંગ શૈલીથી ખૂબ પ્રભાવિત થયો છે.

રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા યુવા બેટ્સમેન સૂર્યવંશીએ પોતાના પ્રદર્શનથી ક્રિકેટ જગતમાં ધૂમ મચાવી દીધી છે. તેમણે કમિન્સની આગેવાની હેઠળની સનરાઈઝર્સ હૈદરાબાદ સામે 37 બોલમાં 103 રન બનાવ્યા, જે તેની બીજી આઈપીએલ સદી હતી. તેમ છતાં, તેની ટીમ હારી ગઈ. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને T20 વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયન કેપ્ટન કમિન્સે શનિવારની મેચ પછી કહ્યું કે હા, મને લાગે છે કે તે મારો નવો પ્રિય ખેલાડી છે. તે બોલને જોરથી ફટકારે છે. તેને જોવાનો આનંદ આવે છે.

તેણે કહ્યું કે એક બોલર તરીકે, તમારે સચોટ બોલિંગ કરવી પડશે કારણ કે જો તમે નહીં કરો, તો તમારે તેના પરિણામો ભોગવવા પડશે. તે ખૂબ જ પ્રભાવશાળી બેટ્સમેન છે. તેની કારકિર્દીની શરૂઆત શાનદાર રહી છે, અને મને તેની રમવાની શૈલી ખરેખર ગમે છે.

સુડોકુ ૬૫૦૭ - 'ક્રૂર'

૩	૮	૯		૬	૭	૫	૨	
૨	૬		૪	૫	૩	૮		
૫	૭	૪			૨			૧
૭		૮			૬	૨	૫	
					૧		૪	૮
	૨	૩		૯	૫	૧	૭	
૮	૫				૯		૬	૩
૯			૫			૭		૨
૧	૩	૭		૨	૪		૮	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૫	૨	૧	૭	૩	૪	૮	૬	૯
૩	૬	૭	૯	૨	૮	૫	૧	૪
૯	૪	૮	૧	૫	૬	૭	૩	૨
૮	૯	૫	૬	૧	૭	૨	૪	૩
૬	૧	૩	૪	૮	૨	૯	૭	૫
૭	૩	૨	૫	૯	૩	૧	૮	૬
૨	૭	૬	૮	૪	૫	૩	૯	૧
૧	૮	૪	૩	૭	૯	૬	૨	૫
૪	૫	૯	૨	૬	૧	૪	૫	૭

૭૦૫૬-ક્રૂર કોડિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

દંત કૃમિ - પાયોરિયા

દાંતમાં થતા પરુ માટે એક ચમચી સિંધવ ચાર કળી લસણ અને એક ટુકડો આદુ અને એક ચમચી લીંબુ ના રસમાં બારીક ખરલ કરો. રોજ સવાર અને રાત્રે જમીને બ્રશ કર્યા બાદ આ મિશ્રણ પેઢાં પર ઘસી રહેવા દો. દશ મિનિટ પછી કોગળા કરો. તલના તેલમાં કપૂર ભેળવી તે રોજ દાંત પર ઘસો.

શબ્દગુંફન - ૭૨૦૫

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. બહેન (૪)
૪. પડકાર, આમંત્રણ (૪)
૬. નોળિયો (૩)
૯. હાવભાવ (૩)
૧૧. ગળે વીંટાળવાનું એક વસ્ત્ર (૪)
૧૩. દુઃખ, પીડા (૨)
૧૪. નકામું, બાદ કરેલું (૨)
૧૫. સોગન (૩)
૧૭. દુનિયા, વિશ્વ (૨)
૧૮. સૈન્ય, છાવણી (૩)
૨૦. આદર (૨)
૨૧. બાણ, તીર (૨)
૨૨. વકીલનું કામ (૪)
૨૩. લેખ, દસ્તાવેજ (૨)
૨૪. માંચડો, પલંગ (૨)
૨૫. એક જળચર (૩)
૨૭. એક કઠોળ (૨)
૨૮. સોનું, કુંદન (૩)
૩૦. મહેલ, પવિત્રધામ (૪)
૩૨. બારણા પર નાખવાનો પડદો (૨)
૩૩. બાગ, આનંદ (૩)

ઊભી ચાવી

૨. તમાચો (૩)
૩. જંગલ, ઉજ્જડ પ્રદેશ (૨)
૪. ખોટો આરોપ (૨)
૫. માહિતગાર (૩)
૭. તંતુ, દોર (૨)
૯. સુગંધ, ફોરમ (૩)
૧૦. એક ખાટું ફળ (૩)
૧૧. કેફ, ખુમારી (૨)
૧૨. કપાળ, ભાલ (૩)
૧૪. નસ, રક્તવાહિની (૨)
૧૬. એક કાળમાં સાથે હયાતીવાળું (૫)
૧૭. આદમી (૨)
૧૮. હાથ (૨)
૧૯. બખતર, તાવીજ, માદળિયું (૩)
૨૦. શોક, રડાકૂટ (૩)
૨૧. સો (૨)
૨૩. ગધેડો (૨)
૨૪. કલ્યાણ (૩)
૨૬. શિવનો સેવક સમુદાય (૨)
૨૭. મોટું (૩)
૨૮. યુક્તિ, આફત (૨)
૨૯. ચોટલો (૨)
૩૦. બાળભાષામાં ચવાણું (૨)
૩૧. મૃત્યુના દેવ (૨)

૭૦૨૬ - ક્રૂર મ્ફ્રીઓડ

આજનું પંચાંગ

તા. 27/04/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** વૈશાખ
તિથિ: સુદ: અગિયારસ: 18:17
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ : 07
યોગ : ધ્રુવ **કરણ:** બવ
નક્ષત્ર : પૂ.ફા.: 21:19
રાશિ: સિંહ (મ,ટ) 27:37 પછી કન્યા (પ,ઠ,ણ)
દિવસ : મિશ્ર- મોહિની એકાદશી-ગૌદૂધ
સુરતમાં સૂર્યોદય : 06:12 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:00
નવકારસી : 07:00
પારસી વર્ષ : 1395 આદર માસનો 16મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્કાદ માસનો 09મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): નવા લોકોથી સાવધાન. નવા રોકાણમાં ધીરજ, અભ્યાસમાં પ્રગતિ, પ્રેમમાં નિરાશા, આવકમાં વધારો થાય.

વૃષભ (બ,વ,ઉ,): બહારના કામમાં વિઘ્નો આવે ઘરમાં તાલમેળનો અભાવ રહે. નોકરીની જગ્યાએ ફેરફાર થાય.

મિથુન (ક,છ,ઘ,): સાહસ અને આત્મવિશ્વાસ પર કાબૂ રાખવો. વિવાદથી વિઘ્નો પેદા થાય. ભાઈ-બહેનોનો સાથ મળે.

કર્ક (ડ,હ,): વાણી અને વ્યવહારમાં તાલમેળ ઓછો રહે. ઘરમાં વિવાદ થાય. સંતાનોના ખર્ચા અને પ્રશ્નો વધે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): જાહેરજીવનમાં અશાંતિ પેદા થાય. સમાજમાં ધીરજ રાખવી. પરિવારમાં સમસ્યા પેદા થાય.

કન્યા (પ,ઠ,ણ,): મોજ-શોખ અને ધર્મ-કર્મ પાછળ ખર્ચા વધશે. પોલીસ-લફરાથી બચવું. ગુપ્ત શત્રુઓનો ત્રાસ.

તુલા (ર,ત,): સ્વાર્થી લોકોથી બચવું. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓની અશાંતિ વધે. પ્રેમમાં નિરાશા.

વૃશ્ચિક (ન,ય,): નોકરી-ધંધામાં બોજ વધે. ઘરમાં વડીલોની સમસ્યા સતાવે. ધંધામાં નવા ફેરફાર થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ અને વિદેશના કામમાં ક્રાંતિ આવે. જીવનસાથીનો સાથ વેપારમાં મળે.

મકર (ખ,જ,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે. સરકારી કામમાં વિઘ્નો આવે. ઉદ્યરાણીની ચિંતા રહે.

કુંભ (ગ,સ,શ,ષ,): રોજના કામમાં કંટાળો આવે. ઘરમાં અશાંતિ વધે. ઉમરલાયકના વિવાહની વાત ચાલે.

મીન (દ,ચ,ઝ,થ,): વિરોધીઓથી સાવધાન વિજાતિય પાત્રો સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

કોઈ પણ સાલમાં 27 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય પસાર થશે. નોકરી-ધંધા વેપારમાં સરકારી નીતિ, ટેકનોલોજી પ્રમાણે ફેરફારથી જવાબદારી, કામનો બોજ, સ્થાનફેર અને દોડધામ વધશે. આરોગ્ય નરમ રહે. ઉદ્યરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સંતાનોના અભ્યાસ કરીયરમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સમાજ-પરિવાર કામકાજની જગ્યાએ ઠરીઠો સતાવશે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં મધ્યમ વર્ષમાં પ્રગતિ થાય. વિદેશના કામ ધીમાં પડે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં અવરોધ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. યાત્રા-પ્રવાસ, ધર્મ કર્મ થાય. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બર, મંગળ, ગુરુવાર, 9,18,27 તારીખે નવાં કામ કરી શકાય. લાલ રંગનો ઉપયોગ વધારવો. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ-શનિવાર 8,17, 26 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ-ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરતા રહેવું.

ગેટાફે સામેની જીતથી બાર્સેલોના સતત બીજા લા લીગા ટાઇટલની નજીક

બાર્સેલોનાએ રિઅલ મેડ્રિડ પર 11 પોઇન્ટ કરી, અન્ય મેચમાં એટલેટિકો મેડ્રિડે એથ્લેટિક બિલબાઓને 3-2થી હરાવ્યું

બાર્સેલોના, તા. 26 (એપી) : બાર્સેલોના શનિવારે ગેટાફે સામે 2-0થી જીત મેળવીને સતત બીજા લા લીગા ટાઇટલની નજીક પહોંચી ગયું છે, જ્યારે એટ્લેટિકો મેડ્રિડે આર્સેનલ સામે ચેમ્પિયન્સ લીગ સેમિફાઇનલ મુકાબલા પહેલા આત્મવિશ્વાસપૂર્ણ વિજય મેળવ્યો છે. બાર્સેલોનાનો પહેલો ગોલ 45મી મિનિટે ફર્મિન લોપેઝે કર્યો હતો. તેણે ગોલ ઘાયલ લેમિન યામાલને સમર્પિત કર્યો હતો. સ્પર્ધામાં બાર્સેલોનાના અગ્રણી ગોલસ્કોરર યામાલ, હેમસ્ટ્રિંગ ઈજાને કારણે બાકીની સિઝન માટે બહાર છે. માર્કસ રાશફોર્ડ અવેજી ખેલાડી તરીકે મેદાનમાં આવીને 74મી મિનિટે ગોલ કરીને બાર્સેલોના માટે 2-0થી વિજય નક્કી કર્યો હતો, જે છ સીઝનમાં ગેટાફે પર તેમની પહેલી જીત હતી. આ જીત સાથે, બાર્સેલોનાએ બીજા ક્રમે રહેલા રીઅલ મેડ્રિડ પર પોતાની લીડ વધારીને 11 પોઈન્ટ કરી દીધી છે જ્યારે ફક્ત પાંચ રાઉન્ડની મેચ બાકી છે. બાર્સેલોનાના 33 મેચમાંથી 85 પોઈન્ટ છે, જ્યારે રીઅલ મેડ્રિડના એટલી જ મેચોમાં 74 પોઈન્ટ છે.

દરમિયાન, એન્ટોની ગ્રીઝમેનના 49મી મિનિટના ગોલ અને એલેક્ઝાન્ડર સોર્લોથના બે ગોલની મદદથી એટલેટિકો મેડ્રિડે એથ્લેટિક બિલબાઓને 3-2થી હરાવ્યું. એટલેટિકો તાજેતરમાં સારી સ્થિતિમાં નથી રહ્યું, પરંતુ આ જીત બુધવારે આર્સેનલ સામેની મેચ પહેલા તેમનું મનોબળ વધારશે.

મેચ દરમિયાન તબિયત બગડતા સ્વિટેક મેડ્રિડ ઓપનમાંથી ખસી

મેડ્રિડ, તા. 26 (એપી) : મેડ્રિડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં શનિવારે અમેરિકન ખેલાડી એન લી સામેની મેચમાંથી ઇગા સ્વિટેક શનિવારેઅજ્ઞાત બીમારીને કારણે ખસી જવાથી બહાર થઇ હતી. વિશ્વની ચોથી ક્રમાંકિત ખેલાડી સ્વિયેટેક જ્યારે મેચમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો ત્યારે લી 7-6, 2-6, 3-0થી આગળ હતી. 2024ની મેડ્રિડ ચેમ્પિયન સ્વિટેક, નિર્ણાયક સેટમાં 2-0થી પાછળ પડી ગયા બાદ, મેડિકલ ટાઈમઆઉટ લીધો. તે કોર્ટ પર પાછી ફરી, પરંતુ લીએ સર્વિસ જાળવી રાખી, જેના પછી તેણે આગળ ન રમવાનો નિર્ણય કર્યો. ગુરુવારે બીજા રાઉન્ડના ઓપનરમાં પોલિશ સ્ટારે ડારિયા સ્નિગુરને સીધા સેટમાં હરાવી. આ સાથે, વિશ્વમાં 34મા ક્રમે રહેલી લીએ ટોચના 10માં સામેલ ખેલાડી સામે કારકિર્દીની બીજી જીત નોંધાવી. તેનો આગામી મુકાબલો લેયલા ફર્નાન્ડીઝ સામે થશે.

માન્ચેસ્ટર સિટી એફએ કપ ફાઈનલમાં, આર્સેનલ પ્રીમિયર લીગમાં ટોચે

પ્રીમિયર લીગમાં ન્યૂકેસલને હરાવી આર્સેનલે માન્ચેસ્ટર સિટી પર ત્રણ પોઇન્ટની સરસાઇ મેળવી

લં